સત્યમેવ જયતે

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬-૦૭-૨૦૧૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬-૦૭-૨૦૧૫ |
| ફેંસલ તારીખ | ૨૯-૦૭-૨૦૧૭ |
| સમય ગાળો. | વર્ષ માસ દિવસ.<br>૨ ૦ ૧૨ |

**મહેસાણાના મે.ચોથા એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ-મહેસાણા.**

**ક્રીમીનલ કેસ નંબર ૪૧૩૮-૨૦૧૫**

**આંક-**

**ફરીયાદી - શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપી - પટેલ હાર્દીક કનૈયાલાલ મુળચંદદાસ,**

વાહન ન.જીજે.૩.સી.એ.૨૬૩૦

રહે- ૫, સુર્યનારાયણ સોસાયટી,મોઢેરા રોડ,

તા.જી. મહેસાણા....

**બાબત** - ભારતિય દંડ સંહિતા ૧૯૬૦ની કલમ-૨૭૯, ૩૩૭,૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ....

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફેઃ- | વિ.એ.પી.પી.શ્રી. | મેઉવા. |
| આરોપી તરફેઃ- | વિ. વ. શ્રી. | બી.સી.પટેલ... |

**- ઠ રા વ -**

(૧). આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના તહોમતદારે તા.૩૧/૧૨/૧૪ ના રોજ કલાક.૧૪.૪૫ વાગ્યાના સુમારે મોજે

મહેસાણા ટાઉનમાં મોઢેરા રોડ વિશ્વકર્મા મંદીર સામે પોતાની ગાડી નં. જી.જે.૩.સી.એ.૨૬૩૦ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આ કામના ફરીયાદીની એકટીવા નં. જી.જે.૨.બી.એન.૩૮૭૧ ને ટકકર મારી ફરીયાદી તથા સાહેદને નિચે પાડી દઇ ફરીયાદીને જમણા પગે ઈજા કરી ફેકચર કરી તથા સાહેદને શરીરે નાની મોટી ઈજા કરી ગુનો કરી,તે બનાવની શહેર પોલીસ સ્ટેશનમાં આ કામના ફરીયાદીએ ફરીયાદ નોંધાવતાં તે ફરીયાદ ફસ્ટ ગુના રજીસ્ટર નંબરઃ ૧/૧૫ થી રજીસ્ટરે લઈ તપાસ કરનાર અધીકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ પંચનામા કરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં આરોપી સામે ભારતિય દંડ સંહીતા ૧૯૬૦ ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાનું આરોપી સામે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨).** ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં આરોપી મુદતે હાજર થતાં તેઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સ મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશે આંક–૨ થી જવાબ લેતાં તેમાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરેલો છે. જયારે આરોપીએ પોતાની સામેના ગુનાઓને ઇન્કાર કરેલ હોય, ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)..** પ્રસ્તુત કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**(અ) <u>મૌખિક પુરાવો</u>**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુળ ફરીયાદી સાહેદ પ્રજાપતિ અનિલાબેન કનુભાઇ | ૦૯ |

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૨ | સાહેદ પ્રજાપતિ કનુભાઇ અમથારામ | ૧૧ |
| ૩ | સાહેદ ભરતભાઇ નારણદાસ પટેલ | ૧૪ |
| ૪ | સાહેદ પરીખ દીનેશભાઇ વિરાભાઇ | ૧૬ |
| ૫ | ડો.પ્રકાશ પી. પટવા | ૨૦ |
| ૬ | ડો. અનિલ નાયક | ૨૨ |

(બ) દસ્તાવેજી પુરાવો

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૩ | ઈજા પ્રમાણપત્રો | ૨૧/૨૩ |

(૪).. ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવો પુરો થયાનું જાહેર કરતા રજુ થયેલ પુરાવા સબબ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા પુરતો પુરાવો હોઈ એફ.એસ. લેવામાં આવતાં આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાઓનો ઈન્કાર કરેલ છે. ત્યાર બાદ પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી, જે સમગ્રપણે કેસનો ન્યાય નિર્ણય કરતી વખતે ધ્યાને રાખવામાં આવેલ છે.

(૫).. ઉપરોકત કેસની હકીકતે અત્રેની અદાલતના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## /// મુદ્દાઓ ///

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે તા.૩૧/૧૨/૧૪ ના રોજ કલાક.૧૪.૪૫ વાગ્યાના સુમારે મોજે મહેસાણા ટાઉનમાં મોઢેરા રોડ વિશ્વકર્મા મંદીર સામે પોતાની ગાડી નં. જી.જે.૩.સી.એ.૨૬૩૦ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આ કામના ફરીયાદીની એકટીવા નં. જી.જે.૨.બી.એન.૩૮૭૧ ને ટકકર મારી ફરીયાદી તથા સાહેદને નિચે પાડી દઈ ફરીયાદીને જમણા પગે ઈજા કરી ફેકચર કરી તથા સાહેદને શરીરે નાની મોટી ઈજા કરી ગુનો કરી ભારતિય દંડ સંહીતા ૧૯૬૦ ની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)..** ઉપરોક્ત મુદ્દાઓ અંગે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

## ///નિર્ણયો ///

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## - <u>કા ર ણો -</u>

**<u>મુદ્દા નંબર-૧-</u>**

(૬/૧).. સદર કામે ફરીયાયદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેવામાં આવે તો તેમાં ફરીયાદપક્ષે સૌપ્રથમ આંક-૦૯ થી મુળ ફરીયાદી સાહેદ અનિલાબેન કનુભાઈ પ્રજાપતિને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૩૧.૧૨.૧૪ના રોજ બનેલો. બનાવ સમયે તેણી તેમના પતિની પાછળ એકટીવા પર બેસીને જતા હતા અને વિશ્વકર્મા મંદીર

સામે આવતાં પાછળથી જી.જે.૩.સી.એ. ૨૬૩૦ નંબરની એક કાર પુરઝડપે આવેલ અને એકટીવાને પાછળથી ટકકર મારેલ જેથી તેઓ બંન્ને એકટીવા પરથી પડી ગયેલા.જેથી સાહેદને જમણા પગે ઢીંચણ ઉપર ફેકચર થયેલ અને ડાબા પગે સામાન્ય ઈજા થયેલ અને તેણીના પતિને ખભો છોલાઇ ગયેલ. સાહેદ વધુમાં જણાવે છે કે ગાડીનો નંબર તથા ચાલકને તેઓ બંન્નેએ જોયેલ. આરોપીને કોર્ટ રુબરુ સાહેદ ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે તેણીના પતિ તેણીને સારવાર માટે લાયન્સમાં લઈ ગયેલા અને ત્યાર બાદ ડો. અનિલ નાયકને ત્યાં તેણીનું ઓપરેશન કરી પગમાં સળીયો નાંખેલો. આ બનાવની આંક-૧૦ વાળી ફરીયાદ આપેલ તેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ તેમની બચાવપક્ષની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવે છે કે તે વાત ખરી છે કે, અકસ્માતવાળા સ્થળે વાહનોની અને માણસોની અવર જવર રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એ વખતે સુમસામ રોડ હતો. એ વાત ખરી છે કે પડી ગયા તેણી તરતજ ઉભી થયેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદ લખાવતી વખતે તેણીના પતિ હાજર હતા. એ વાત ખરી છે કે ડોકટરને ઈજાઓની વાત કરેલી. એ વાત ખરી નથી કે ઓવરટેક કરવા જતાં બીજા વાહન સાથે અથડાતાં નિચે પડી જતાં ઈજાઓ થયેલી.

(૬/૨).. ત્યાર બાદ આ કામે આંક-૧૧ થી સાહેદ પ્રજાપતિ કનુભાઇ અમથારામને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેઓની પત્ની થાય છે. બનાવ તા.૩૧.૧૨.૧૪ના રોજ બનેલો. બનાવ સમયે તેઓ એકટીવા નં. જી.જે.૨.બી.એન.૨૨૭૧ તેમના પત્નીને પાછળ બેસાડીને જતા હતા અને

વિશ્વકર્મા મંદીર સામે આવતાં પાછળથી જી.જે.૩.સી.એ. ૨૬૩૦ નંબરની એક કાર પુરઝડપે આવેલ અને એકટીવાને પાછળથી ટકકર મારેલ જેથી તેમની પત્ની ફેકાઇ ગયેલા. અને સાહેદ પોતે દશ થી પંદર ફુટ દુર પડેલા. તે વખતે સાહેદે ગાડીનો નંબર જોયેલ જે નં.જી.જે. ૩.સી.એ. ૨૬૩૦ હતો. પાછળથી જાણવા મળેલ કે તેનો ચાલક હાર્દીક પટેલ હતો. સદર બનાવમાં તેમની પત્નીને ઈજાઓ થયેલ અને તેણીને સારવાર માટે લાયન્સમાં લઇ ગયેલા અને ત્યાર બાદ ડો. અનિલ નાયકને ત્યાં તેણીનું ઓપરેશન કરી પગમાં સળીયો નાંખેલો. આ બનાવની ફરીયાદ તેમની પત્નીએ આપેલ.પોલીસે સાહેદની પુછપરછ કરેલી. આ સાહેદ આરોપી તર્ફેની તેઓની ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ રાખે છે કે તેમના સાધનની આગળ પાછળ કોઈ સાધન ન હતું. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોઈ સતત માણસોની અને વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે તેઓ તેમની પત્નીને રીક્ષામાં બેસાડી દવાખાને લઇ ગયેલા. એ વાત ખરી છે કે તેઓ વિશ્વ હીંન્દુ પરીષદ જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. એ વાત ખરી છે કે આરોપીને તેઓ બનાવ પહેલા કયારેય મળેલા નથી.

(૬/૩).. ત્યાર બાદ આ કામે આંક-૧૪ થી પંચ સાહેદ ભરતભાઇ નારણદાસ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવવાળા સ્થળે ગુનાવાળી જગ્યાનું પંચનામું પોલીસે કરેલ અને જે આંક-૧૫ વાળા પંચનામામાં તેઓએ સહી કરેલ જે સહી તેઓ ઓળખી બતાવે છે. આ સાહેદ આરોપી તર્ફેની તેઓની ઉલટ તપાસમાં જણાવે છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ.

(૬/૪).. ત્યાર બાદ આ કામે આંક-૧૬ થી સાહેદ પરીખ દીનેશભાઇ વિરાભાઇને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ

પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૧.૧૨.૧૪ના રોજ તેઓ ફરજ ઉપર હાજર હતા દરમ્યાન **PSO** તરફથી ડે.હુકમ સાથે સદર ગુનાની તપાસ મળતાં જે તપાસ સંભાળી લઇ ફરીયાદ હકીકત આધારે ગુનાવાળી જગ્યાએ જઇ પંચનામું કરી, ફરીયાદીના પતિનું નિવેદન લીધેલ, ઈજા પામનાર ફરીયાદ તથા સાહેદના ઈજા પ્રમાણપત્રો મેળવેલ અને તપાસ દરમ્યાન આરોપી વાહન ચલાવતા હોવાનું ખુલતાં તમો આરોપીને અટક કરેલ અને તમો આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતાં તમો આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ. આ સાહેદને પણ આરોપી તરફેની ઉલટ તપાસમાં પુછતાં તેઓ જણાવે છે કે આ કામના વાહન નં. જી.જે.૩.સી.એ.૨૬૩૦ ના માલિકી બતાવતા કાગળો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માતવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં સતત માણસોની અવર જવર રહે છે તથા આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે આ કામે ફરીયાદી તથા તેણીના પતિ સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોના નવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની કોઇ ઓળખ પરેડ પણ કરાવેલ નથી.

(૬/૫).. ત્યાર બાદ આ કામે આંક-૨૦ થી ડો.પ્રકાશ પી. પટવાને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૧.૧૨.૧૪ના રોજ જનરલ હોસ્પીટલ મહેસાણા ખાતે તેઓ ફરજ ઉપર હતા દરમ્યાન પ્રજાપતિ અનિલાબેન કનુભાઇને તપાસ અર્થે તેઓ સમક્ષ લાવવામાં આવતાં આ સાહેદ હિસ્ટ્રિ આપેલ કે તેઓને ચાર પૈડાવાળી ગાડીએ અકસ્માત કરેલ છે. તેઓની સંપુર્ણ તપાસ કરી આંક-૨૧ થી ઈજા પ્રમાણ પત્ર આપેલ જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યાર બાદ આ કામે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં આ સાહેદ એવી હકીકત

જણાવે છે કે ઈજા પામનારે પોતાની હીસ્ટ્રીમાં અકસ્માત કરનાર વાહનનો નંબર કે આરોપીનું નામ જણાવેલ નથી.

(૬/૬).. ત્યાર બાદ આ કામે આંક–૨૨ થી ડો.અનિલ નાયકને સોગંદ ઉપર તપાસવામાં આવતાં સદર સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧.૧.૧૫ના રોજ જનરલ હોસ્પીટલ મહેસાણા ખાતેથી તેઓ સમક્ષ પ્રજાપતિ અનિલાબેન કનુભાઇને તપાસ અર્થે લાવવામાં આવતાં આ સાહેદ હિસ્ટ્રિ આપેલ કે તેઓને ચાર પૈડાવાળી ગાડીએ અકસ્માત કરેલ છે. તેઓની સંપુર્ણ તપાસ કરી આંક–૨૩ થી ઈજા પ્રમાણ પત્ર આપેલ જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યાર બાદ આ કામે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં આ સાહેદ એવી હકીકત જણાવે છે કે ઈજા પામનારે પોતાની હીસ્ટ્રીમાં અકસ્માત કરનાર વાહનનો નંબર કે આરોપીનું નામ જણાવેલ નથી. સાહેદ વધુમાં જણાવે છે કે કોઈ સખત કે કઠણ જમીન પર પડવાથી આ પ્રકારની ઈજા થઇ શકે.

**(૭)..** સદર કામે આક્ષેપિત ગુનો બનેલ છે કે કેમ ? તે અંગે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને એક સાથે વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ભારતિય દંડ સંહિતાની કલમ–૨૭૯ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે.

**<u>ભારતિય દંડ સંહિતાની કલમ–૨૭૯ ના તત્વોઃ–</u>**

૧. જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

૨. બેફામ પણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી.

૩. જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકતિને વ્યાથા અથવા હાની થવા સંભવ હોય.

(૮).. સદરહું કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદપક્ષ તરફથી જે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમાં સૌપ્રથમ ઈજા પામનારઅનિલાબેન કનુભાઇ પ્રજાપતિ તેઓની જુબાનીમાં અકસ્માતથી ઈજા થયેલ હોવાની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપે છે.પરંતુ તેમની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો આ કહેવાતો બનાવ બન્યો તે વખતે અમકસ્માત કરનાર અકસ્માતવાળા સ્થળે વાહનોની અને માણસોની અવર જવર રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે એ વખતે સુમસામ રોડ હતો. એ વાત ખરી છે કે પડી ગયા તેણી તરતજ ઉભી થયેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદ લખાવતી વખતે તેણીના પતિ હાજર હતા. એ વાત ખરી છે કે ડોકટરને ઈજાઓની વાત કરેલી. એ વાત ખરી નથી કે ઓવરટેક કરવા જતાં બીજા વાહન સાથે અથડાતાં નિચે પડી જતાં ઈજાઓ થયેલી. જેથી આ નજરે જોનાર સાહેદ પોતે અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતું હતું અને તેનો નંબર શું હતો તેની ખબર નથી.જયારે આ કામના ફરીયાદી કે જેઓને આંક-૦૯ થી તપાસવામાં આવેલા છે. ત્યાર બાદ આંક-૧૧ થી ફરીયાદીના પતિને તપાસેલ છે તેઓ ઈજા પામનારના હિત ધરાવતા સાહેદ છે પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો અકસ્માત થયેલ હોવા અંગેની હકીકતને આ સાહેદો પણ સંપુર્ણપણે સમર્થન આપે છે. પરંતુ આ કહેવાતા બનાવ વખતે તેઓ સ્થળ ઉપર હાજર નહી હોવાનું અને બનાવ વખતે તેઓ અન્ય જગ્યાએ હોવાનું જણાવેલ છે અને આ સાહેદ પણ વાહનના ચાલક કોણ હતા તે અંગે કોઇ સ્પષ્ટ હકીકત જણાવી શકેલ નથી. આ સિવાય અન્ય કોઇ સાહેદ ધ્રારા સદરહું કેસમાં આક્ષેપીત આરોપીને અકસ્માત કરતાં કોઇ નજરે જોયેલ હોય કે કોઇએ શંકા સેવી હોય

તેવી કોઇ હકીકત હોવાનું આ કામે ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. જયારે આ કામના ત.ક.અ.શ્રી પરીખ દીનેશભાઇ વિરાભાઇને તપાસવામાં આવતાં તેઓએ પણ ઇજા પામનાર અનિલાબેનને વાહનથી ઇજા થયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને તે વાહનનો નંબર નં. જી.જે.૩.સી.એ.૨૬૩૦ હોવાની હીકતને પણ સમર્થન આપેલ છે. પરંતુ આ વાહન હાલનો જ આરોપી ચલાવતો હતો તેવું કયા આધારે ત.ક.અ.શ્રીએ તેમની તપાસમાં બહાર આવેલ તે અંગે કોઇ સ્પષ્ટ હકીકત લાવી શકેલા નથી અને હાલના આરોપીની વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોવાથી ચાર્જશીટ કરેલ તેવું જણાવેલ છે. પરંતુ આ કયા પુરાવાના આધારે તેઓએ આરોપીને અટક કરેલ તે અંગે કોઇ સ્પષ્ટતા કરેલ નથી અને હાલના આરોપીને સદરહું કામે આરોપી તરીકે જોડી દઇ અટક કરેલ છે. સદરહું ત.ક.અ.શ્રીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ ફરીયાદીના પતિનું નિવેદન લીધેલ પરંતુ આ નિવેદન આપનારા સાહેદે હાલના જ આરોપી વાહન ચલાવતા હોય તેવી કોઇ હકીકત જણાવેલ હોય તેવું પણ પુરવાર કરી શકેલ નથી.વધુમાં ત.ક.અમલદારનાએ બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાનું તેમજ આસપાસ ઘણાં લોકો હાજર હતા તેવી હકીકત કબુલ રાખેલ છે. પરંતુ તે પૈકી નજરે જોનાર તટષ્થ સાહેદને હાલના કામે તપાસેલ નથી. વધુમાં હાલના આરોપીને તેઓ કોર્ટમાં ઓળખી બતાવે છે. પરંતુ, તેમની ઉલટ તપાસમાં તેને અકસ્માત કરનાર વાહનના ચાલક તરીકે ઓળખી બતાવતા નથી તેવું સ્પષ્ટ જણાવે છે. આરોપી કોર્ટમાં મુદતમાં હાજર રહેતો હોવાથી ઓળખી બતાવેલ હોવાની કબુલાત કરે છે.

(૯).. સદરહું કામે આંક–૨૦ અને ૨૨ વાળી અનુક્રમે ડોકટરશ્રીઓ પ્રકાશ પી. પટવા અને ડો.અનિલ નાયક નાઓની જુબાનીઓ ધ્યાને લેતાં તેઓએ પણ ઇજા પામનાર સાહેદ અનિલાબેન કેસાભાઇ નાઓને સારવાર આપેલ હોવાની અને તેઓને

ઈજા વાહન અકસ્માત થયેલ હોવા અંગેની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ સદરહું ડોકટરશ્રી સમક્ષ લખવામાં આવેલ ઈતિહાસમાં પણ કોઈ વાહનનો નંબર કે અકસ્માત કરનાર આરોપીનું નામ કે વર્ણનનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ આંક-૧૫ ના પંચનામાના પંચ સાહેદ પણ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થન આપતાં નથી.

**(૧૦)..** જેથી ઉપરોકત તમામ હકીકતો તથા સદરહું કેસમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં આ કામના આરોપી દ્વારા જ આ કહેવાતો અકસ્માત થયેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર રીતે નિષ્ફળ નિવડેલ છે અને હાલના કામે ત.ક.અ.શ્રીની તપાસ પણ શંકાસ્પદ છે. જેથી આ સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાઈ આવે છે. જેથી ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતોને ધ્યાને લઈને ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-

**-આ ખ રી હુ ક મ -**

-

- આ કામના આરોપીને ઇ.પી.કો. કલમ. ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીના જામીન તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.

- આરોપીએ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટેની ખાત્રી આપતા ૬ માસના સમય માટેના રૂ. ૫૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા પ્રત્યેક આરોપીએ રજુ કરવા.

હુકમ આજ તા.૨૯-૦૭-૧૭ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ – ૨૯-૦૭-૨૦૧૭.
સ્થળ – મહેસાણા.

(શેખ યુનુસ એહમદ ઇકબાલ હુસેન)
(કોડ નંબરઃ જી.જે.૦૦૯૬૭)
ચોથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મહેસાણા.